રાજભવન, ગાંધીનગર.
તા. ૨૦/૦૩/૨૦૧૫

**છત્તીસગઢના અતિ પછાત જિલ્લાઓના આદિવાસી યુવાનોનું જુથ રાજયપાલશ્રીની મુલાકાતે**

છત્તીસગઢના આદિવાસી જિલ્લાઓના આદિવાસી યુવાનોના એક જુથે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે છત્તીસગઢ રાજયના કેટલાક વિસ્તારો નકસલવાદથી પ્રભાવિત છે. ત્યાંની ભોળી આદિવાસીપ્રજાને ભ્રમિત કરી યુવાનોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો કરવામાં આવે છે, તે દુઃખદ છે. હિંસાથી કયારેય વિકાસ સાધી શકાતો નથી. વિકાસ માટે શિક્ષણ આવશ્યક છે. આર્થિક–સામાજિક ઉન્નતિ માટે પાયાની સુવિધાઓ જોઈએ. છત્તીસગઢની સરકાર આ વિસ્તારોમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરી રહી છે, તેમાં સહયોગ આપવાની જરૂરિયાત છે.

રાજયપાલશ્રીએ યુવાનોને ગુજરાતમાં વિકાસના ક્ષેત્રોમાં થયેલી પ્રગતિથી માહિતગાર બની તેઓના વિસ્તારમાં તેની જાણકારી આપવા જણાવ્યું હતું.

કેન્દ્રીય યુવા, ખેલકૂદ અને સાંસ્કૃતિક બાબતો તથા ગૃહ મંત્રાલયના સંયુકત ઉપક્રમે આયોજિત ૭મા આદિવાસી યુવા–આદાન પ્રદાન કાર્યક્રમ અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર– સંગઠન ગુજરાત ઝોન, ગાંધીનગર ગુજરાતના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ગૃહ મંત્રાલયના સંયુકત સચિવ શ્રી દિલીપકુમારે આદિવાસી યુવાનોના પ્રવાસની વિગતો આપી હતી અને મુલાકાત બદલ રાજયપાલશ્રીનો આભાર વ્યકત કર્યો હતો.

નહેરુ યુવા કેન્દ્રના સુશ્રી અનિતા ભારતી તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

---

પ્રેસ સચિવ